eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 298
December 16, 2011

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે તા.૧૦/૧૨/૨૦૧૧ના રોજ ચંદ્રગ્રહણ નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવેલ



તા.૧૦/૧૨/૨૦૧૧ના રોજ ખગોળીય ઘટનામાં સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવવાથી પુર્ણ ચંદ્રગ્રહણ થયું હતું. જેમાં શહેરીજનો આ ખગોળીય ઘટના નિહાળી શકે તે માટે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટી લાઈટ રોડ ખાતે ટેલિસ્કોપ દ્વારા તા.૧૦/૧૨/૨૦૧૧ શનિવારના રોજ સાંજે ૬.૪૫ થી રાત્રે ૯.૦૦ કલાક દરમ્યાન ચંદ્રગ્રહણ નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકાને "સાઉથ એશીયન ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટસ" ધ્વારા પબ્લીક સેકટર વિભાગમાં બેસ્ટ પ્રેઝન્ટેડ એકાઉન્ટસ–૨૦૧૦ માટે "વિનર એવોર્ડ" ઢાકા ખાતે એનાયત થયેલ

સુરત મહાનગરપાલિકાને "સાઉથ એશીયન ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટસ" ધ્વારા પબ્લીક સેકટર વિભાગમાં બેસ્ટ પ્રેઝન્ટેડ એકાઉન્ટસ–૨૦૧૦ માટે "વિનર એવોર્ડ" ઢાકા ખાતે એનાયત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકામાં આઈ.સી.ડી.એસ.વિભાગની આંગણવાડીઓને વિવિધ સંસ્થાઓ ધ્વારા દત્તક લેવાના હેતુથી તા.૮/૧૨/૨૦૧૧ સેમીનારનું આયોજન



સુરત મહાનગરપાલિકામાં આઈ. સી. ડી. એસ. વિભાગની હાલ સ્થાપના ઈ.સ.૧૯૮૩ કરવામાં આવી હતી. જેમાં હાલ ૧૦૦૪ આંગણવાડી સ્લમ વિસ્તારમાં કાર્યરત છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે નવેમ્બર ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં નવેમ્બર માસ દરમ્યાન ૪૧૮૮ ઈન્ડોર તથા ૩૭૨૩૮ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૨૮૪ તથા ૫૭૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત રાજયના રમતગમત વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આયોજિત "ખેલ મહાકુંભ ૨૦૧૧"ની રાજયકક્ષાની સેમીફાઈનલ સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ

ગુજરાત રાજયના રમતગમત વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે પુરા રાજયમાં તા.૨૯/૧૧/૨૦૧૧થી તા. ૨૩/૧૨/૨૦૧૧ દરમ્યાન "ખેલ મહાકુંભ ૨૦૧૧"નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત શહેરમાં તા. ૧૫/૧૨/૨૦૧૧ થી તા. ૨૦/૧૨/૨૦૧૧ દરમ્યાન રાજય કક્ષાની વોલીબોલ અને તરણની સેમીફાઈનલ સ્પર્ધા નીચે મુજબ યોજાનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે તા.૧૦/૧૨/૨૦૧૧ના રોજ ચંદ્રગ્રહણ નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવેલ



તા.૧૦/૧૨/૨૦૧૧ના રોજ ખગોળીય ઘટનામાં સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવવાથી પુર્ણ ચંદ્રગ્રહણ થયું હતું. જેમાં શહેરીજનો આ ખગોળીય ઘટના નિહાળી શકે તે માટે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટી લાઈટ રોડ ખાતે ટેલિસ્કોપ દ્વારા તા.૧૦/૧૨/૨૦૧૧ શનિવારના રોજ સાંજે ૬.૪૫ થી રાત્રે ૯.૦૦ કલાક દરમ્યાન ચંદ્રગ્રહણ નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચંદ્રગ્રહણને વધુ નજીક નિહાળવા ટેલિસ્કોપ તથા પ્રોજેકટરની મદદથી મોટા પડદા ઉપર ચંદ્રગ્રહણ બતાવવામાં આવેલ હતું. સાથો સાથ આ સમય દરમ્યાન ચંદ્રગ્રહણ કઈ રીતે થાય છે તે અંગેની નાની ફિલ્મ પણ બતાવવામાં આવેલ હતી. આ ચંદ્રગ્રહણની ખગોળીય ઘટના અને તે અંગેની ફિલ્મને જાહેર જનતાએ બહોળી સંખ્યામાં ભાગ લઈ ઉત્સાહ સભર નિહાળ્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકાને "સાઉથ એશીયન ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટસ" ધ્વારા પબ્લીક સેકટર વિભાગમાં બેસ્ટ પ્રેઝન્ટેડ એકાઉન્ટસ–૨૦૧૦ માટે "વિનર એવોર્ડ" ઢાકા ખાતે એનાયત થયેલ



સુરત મહાનગરપાલિકાને "સાઉથ એશીયન ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટસ" ધ્વારા પબ્લીક સેકટર વિભાગમાં બેસ્ટ પ્રેઝન્ટેડ એકાઉન્ટસ–૨૦૧૦ માટે "વિનર એવોર્ડ" ઢાકા ખાતે એનાયત.

આ સંસ્થાના મુખ્ય હેતુઓમાં એકાઉન્ટીંગ પ્રોફેશનને આંતરરાષ્ટ્રીય એકાઉન્ટીંગ સ્ટાર્ન્ડડ પેરામીટર મુજબ એકાઉન્ટ સીસ્ટમને વધુ સદ્રુઢ કરવાનું છે.

જાન્યુઆરી–૨૦૧૧ માં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ અને ઈન્સ્ટીટયુટ ઓફ કોસ્ટ એકાઉન્ટસ ધ્વારા રાષ્ટ્રીય કક્ષાએ એન્યુલ એકાઉન્ટસ રીપોર્ટ–૨૦૧૦ની કોમ્પીટીશનમાં સુરત મહાનગરપાલિકાને નેશનલ લેવલે "પ્લેક એવોર્ડ" જાહેર કરાયો હતો. દિલ્હી ખાતે જાન્યુઆરી–૨૦૧૧ માં મીનીસ્ટ્રી ઓફ અર્બન અફેર્સના ભારત સરકારના પ્રધાન શ્રી સલમાન ખુર્શીદના વરદ્‌હસ્તે મા. મેયરશ્રીને એવોર્ડ એનાયત.

સાફા દ્વારા ઉપરોકત કેટેગરીમાં ભારત, બાંગ્લાદેશ, પાકીસ્તાન, નેપાળ, શ્રીલંકામાંથી એવોર્ડ પામેલ એન્ટ્રીઓનું નોમીનેશન મંગાવવામાં આવેલ. જેમાં ફાયનાન્સીયલ સેકટરમાં બેંકીંગ સેકટર, નોન બેંકીગ સેકટર, તેમજ નોન ફાયનાન્સીયલ સેકટરમાં પબ્લીક સેકટર, મેન્યુફેકચરીંગ, કોમ્યુનીકેશન, આઈ. ટી., હોસ્પીટાલીટી, હેલ્થ, ટ્રાન્સપોર્ટ, શીપીંગ, એનજીઓ વગેરેનો સમાવેશ થાય છે. જેમાં સુરત મહાનગરપાલિકાને પબ્લીક સેકટર વિભાગમાં વીનર (Winner) તરીકે એવોર્ડ જાહેર કરવામાં આવેલ અને આ કેટેગરીમાં પ્રથમ રનર્સઅપ તરીકે બાંગ્લાદેશની ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઓફ બાંગ્લદેશને(આઈસીબી), સેકન્ડ રનર્સ અપ તરીકે કારજા સુહાના કેન્દ્ર લી. (ક્રેડીટ ઈન્ફોર્મેશન સેન્ટર લી.)નેપાળને આપવામાં આવેલ છે.

સાફા દ્રારા વિવિધ કેટેગરીમાં ૮૪ એવોર્ડ એનાયત થયા હતા. આ મુલ્યાંકન કરતી વખતે ડીસ્કલોઝર, સ્ટેકહોલ્ડર્સ ઈન્ફોર્મેશન, રીપોર્ટ પ્રેઝન્ટેશન, ફાયનાન્સીઅલ આસ્પેકટસ ઓફ કોર્પોરેટ ગર્વનન્સ, ઈમ્પ્રુવમેન્ટ ઈન ટ્રાન્સપરન્સી, એકાઉન્ટેબીલીટી અને ગર્વનન્સ જેવા મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

એવોર્ડ વિતરણ સમાંરભ ઢાકા ખાતે તા.૨૯/૧૧/૨૦૧૧નાં રોજ યોજવામાં આવેલ. આ સમારંભ મા.કોમર્સ મીનીસ્ટર, ગર્વમેન્ટ ઓફ બાંગ્લાદેશ, શ્રી ફારૂકખાનના મુખ્ય મહેમાનપદે, સાફાના ચેરપર્સન મીસ પરવીન મો. સાહજહાન સીરાઝના વરદ્‌હસ્તે સુરત મહાનગરપાલિકાના મા. ડે.મેયરશ્રી છાયાબેન ભુવા, ડે.કમિશનરશ્રી(ફા.) શરદકુમાર એન. મહેતા, મુખ્ય હિસાબનીશ શ્રી જી. કે. પંડયાએ તા.૨૯–૧૧–૨૦૧૧નાં રોજ બંગબંધુ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ સેન્ટર, ઢાકા ખાતે સ્વીકારેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકામાં આઈ.સી.ડી.એસ.વિભાગની આંગણવાડીઓને વિવિધ સંસ્થાઓ ધ્વારા દત્તક લેવાના હેતુથી તા. ૮/૧૨/૨૦૧૧ સેમીનારનું આયોજન



સુરત મહાનગરપાલિકામાં આઈ. સી. ડી. એસ. વિભાગની હાલ સ્થાપના ઈ.સ.૧૯૮૩ કરવામાં આવી હતી. જેમાં હાલ ૧૦૦૪ આંગણવાડી સ્લમ વિસ્તારમાં કાર્યરત છે. જેમાં સગર્ભા,ધાત્રી,કિશોરી અને ૦ થી ૬ વર્ષના બાળકો મળી કુલ ૯૧,૨૭૦ લાભાર્થી છે. આ લાભાર્થીઓને વિવિધ સેવાઓ જેમ કે પુરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, રેફરલ સેવાઓ, તબીબી સેવાઓ આઈ.સી.ડી.એસ. ધ્વારા પુરી પાડવામાં આવે છે. આ આંગણવાડીઓને વિવિધ સંસ્થાઓ ધ્વારા દત્તક લેવાના હેતુથી તા.૮/૧૨/૨૦૧૧ સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમમાં સુરત શહેરના ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવા, મા.કલેકટરશ્રી એ.જે.શાહ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી વર્ષાબેન રાણા, હોસ્પિટલ કમિટીના ચેરમેન કુ.પારૂલબેન ભારતી, ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હે.એન્ડ હોસ્પિ.)હેમંતભાઈ દેસાઈ, પ્રોગ્રામ ઓફિસર જીલ્લા પંચાયત આઈ.સી.ડી.એસ.શ્રીમતી અલ્પનાબેન જૈન, એફ.પી.એમ.ઓ. શ્રીમતી અરૂણાબેન પટેલ, સિવિલ હોસ્પિટલના પેડીયાટ્રીશીયન ડો.વિજયભાઈ શાહ તેમજ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને સ્વાગત ધ્વારા કરવામાં આવી હતી. ઈ.ચા.ડે.કમિશનરશ્રી હેમંતભાઈ દેસાઈએ આંગણવાડી પ્રોજેકટની રૂપરેખા તથા આ કાર્યક્રમ યોજવાનો ઉદેશ અંગે માહિતી આપી હતી. કાર્યક્રમનું પ્રેઝન્ટેશન ડો.વિજયભાઈ શાહ બાળ રોગ નિષ્ણાંત સિવિલ હોસ્પિટલ ધ્વારા બાળ મરણ, માતૃ મરણ, કુપોષણના કારણો, કુપોષણને રોકવા માટે કયા કયા આહાર લેવા જોઈએ અને તે આહારમાં કેટલું કેલરી અને પ્રોટીન મળી રહે તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ આંગણવાડી દત્તક લેવાના કાર્યક્રમમાં કઈ રીતે ભાગ લઈ શકે તે અંગેની માહિતી આપી. તેમણે જણાવ્યું કે કુપોષણના કારણે ૫૩ % બાળકો મૃત્યુ પામે છે.

મા.કલેકટરશ્રીએ એમના વકતવ્યમાં જણાવ્યા મુજબ જો શહેરમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવું હોય તો એનો ઉપાય છે સમાજને સાથે લઈને ચાલવું. જેમાં વિવિધ સંસ્થાઓની મદદ લઈ કામગીરી કરવી પડશે. સરકાર થકી યોજનાથી કુપોષિત બાળકોને આહાર તથા તેની કાળજી લેવામાં આવે જ છે. પરંતુ આવા કુપોષિત બાળકોને વિશિષ્ટ પ્રોટીન સભર આહારની જરૂર રહે છે. તેમને સ્વૈચ્છિક સંસ્થાઓને જાતે આંગણવાડીમાં જઈ પૌષ્ટિક આહાર આપવા જણાવ્યું. જેથી આહાર અપાયો છે કે કેમ તેની ચકાસણી થાય. વધુમાં તેમણે એમ પણ જણાવ્યું કે જે સ્વૈચ્છિક સંસ્થાઓ આ આંગણવાડી દત્તક લેશે. તેમનું બહુમાન મા.મુખ્યમંત્રીશ્રીના સદભાવના કાર્યક્રમમાં કરવામાં આવશે. મા.ડે.મેયરશ્રીએ આંગણવાડી કાર્યકરોની કામગીરીને બિરદાવ્યા હતા. અને તમામ સંસ્થાઓને આ કાર્યમાં મદદરૂપ થવા આહવાન કર્યુ હતું. વધુમાં ડે.મેયરશ્રીએ જણાવ્યું હતું કે સગર્ભા બહેનો અને બાળકોના વિકાસ માટે કઈ વસ્તુની જરૂર છે અને એ કયાંથી મળશે એની માહિતી વિસ્તારમાં ઘર ઘર સુધી પહોંચવી જરૂરી છે અને એ કામગીરી આપણે સૌએ કરવાની રહેશે. એમણે એમ પણ જણાવ્યું હતું કે મા.મુખ્યમંત્રીશ્રી અને મહેસુલ મંત્રીશ્રી આ બહેનો અને બાળકોની ખુબ જ ચિંતા કરે છે જે અંતર્ગત આખા ગુજરાતમાં મહિનાના દર બીજા ગુરૂવારે આંગણવાડી બહેનો આ પ્રિમિક્ષના પેકેટમાંથી વિવિધ વાનગીઓનું નિદર્શન કરી બહેનોને આ પ્રિમિક્ષનો કઈ રીતે ઉપયોગ કરવો એની માહિતી આપે છે. વધુમાં ડે.મેયરશ્રીએ આ વાનગીઓ આંગણવાડીમાં જ બનાવી લાભાર્થી સુધી પહોંચાડવા સુચન કર્યુ હતું.

આ એન.જી.ઓ.પૈકી મોદી સમર્થક મહિલા મંડળે ૨૦૦ આંગણવાડી,તેલુગુ ફાઉન્ડેશન ટ્રસ્ટ ૧૫૧ આંગણવાડી, બિહારીભાઈ ભોજને ૧ આંગણવાડી, વિદ્યાધન ચેરીટેબલ ટ્રસ્ટને ૨ આંગણવાડી દત્તક લેવાની અને અંધજન શાળાએ તમામ આંગણવાડી પર ભૌતિક સામગ્રી આપવાની જાહેરાત કરી હતી. તેમજ સુરત શહેરની વિવિધ સંસ્થાઓને વધુમાં વધુ આંગણવાડીઓ દત્તક લેવા માટે આહવાન કર્યુ.

કાર્યક્રમની આભારવિધિ સી.ડી.પી.ઓ.ઘટક–૧ ધ્વારા કરવામાં આવી હતી.

TOP

## માહે નવેમ્બર ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં નવેમ્બર માસ દરમ્યાન ૪૧૮૮ ઈન્ડોર તથા ૩૭૨૩૮ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૨૮૪ તથા ૫૭૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૨૯૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૭૬૦ અને જુના ૧૩૩૬ દર્દીઓ સહીત કુલ ૨૦૯૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૧૭ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૫૭ તથા આંખ વિભાગમાં ૨૪૩૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૪૩૬ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## ગુજરાત રાજયના રમતગમત વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આયોજિત "ખેલ મહાકુંભ ૨૦૧૧"ની રાજયકક્ષાની સેમીફાઈનલ સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ

ગુજરાત રાજયના રમતગમત વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે પુરા રાજયમાં તા.૨૯/૧૧/૨૦૧૧થી તા. ૨૩/૧૨/૨૦૧૧ દરમ્યાન "ખેલ મહાકુંભ ૨૦૧૧"નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત શહેરમાં તા. ૧૫/૧૨/૨૦૧૧ થી તા. ૨૦/૧૨/૨૦૧૧ દરમ્યાન રાજય કક્ષાની વોલીબોલ અને તરણની સેમીફાઈનલ સ્પર્ધા નીચે મુજબ યોજાનાર છે.

**—: રાજયકક્ષાની સેમીફાઈનલ સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ :—**

**—: તરણ સ્પર્ધા :—**

| | | |
|---|---|---|
| ૧.સ્પર્ધાનું સ્થળ | : | વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ,સુરત |
| ૨.શુભારંભ(ભાઈઓ/બહેનો તમામ ગૃપ) | : | તા.૧૫/૧૨/૨૦૧૧ના રોજ સવારે ૯.૦૦ કલાકે |
| ૩.સ્પર્ધા તારીખ | : | તા. ૧૫ થી ૧૭ ડિસેમ્બર ૨૦૧૧ (ભાઈઓ/બહેનો તમામ ગૃપ) |

**—: વોલીબોલ :—**

| | | |
|---|---|---|
| ૧.સ્પર્ધાનું સ્થળ | : | ડો.શ્યામાપ્રસાદ લેક ગાર્ડનની બાજુના પ્લોટમાં, કાંસાનગર, કતારગામ,સુરત |
| ૨.શુભારંભ(બહેનો ની સ્પર્ધા) | : | તા.૧૫/૧૨/૨૦૧૧ના રોજ સાંજે ૫.૦૦ કલાકે |
| ૩.સ્પર્ધા તારીખ | : | તા. ૧૫ થી ૧૭ ડિસેમ્બર ૨૦૧૧ (અન્ડર–૧૬,અબવ–૧૬ થી ૪૫ બહેનોની) |
| ૪.શુભારંભ(ભાઈઓની સ્પર્ધા) | : | તા.૧૮/૧૨/૨૦૧૧ના રોજ બપોરે ૨.૦૦ કલાકે |
| ૫.સ્પર્ધા તારીખ | : | તા. ૧૮ થી ૨૦ ડિસેમ્બર ૨૦૧૧ (અન્ડર–૧૬,અબવ–૧૬ થી ૪૫ બહેનોની) |

ઉપરોકત રાજય કક્ષાની તરણ અને વોલીબોલની સેમીફાઈનલ સ્પર્ધાનો ઉદઘાટન સમારોહ મા.મંત્રીશ્રીઓ અને સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાનાર સ્પર્ધામાં સ્પર્ધકોને સમયસર ઉપસ્થિત રહેવા તથા શહેરના રમતપ્રેમી નગરજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સુરત મહાનગરપાલિકા આમંત્રિત કરે છે.

TOP